પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૨) અંક નં. ૧૮૪ | ૧૩ સપ્ટેમ્બર, ૨૦૧૭, બુધવાર ; ભાદરવા વદ - ૮ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

# આજથી મોદી-શિન્જોની ઐતિહાસિક યાત્રા

**ભારત-જાપાન વચ્ચેના સંબંધ નવી ઉંચી સપાટીએ પહોંચશે : શ્રેણીબદ્ધ કરાર થશે : આજે બપોરે પહોંચ્યા બાદ શિન્જોનું વિમાની મથકે ગાર્ડ ઓફ ઓનરની સાથે ભવ્ય સ્વાગત : ઇતિહાસમાં પ્રથમ વખત જ બે વડાપ્રધાન રોડ શોમાં જોડાશે**




અમદાવાદ, તા.૧૨

વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને જાપાનના વડાપ્રધાન શિન્જો અબેની બે દિવસની ઐતિહાસિક અને હાઈપ્રોફાઈનલ અમદાવાદ અને ગાંધીનગર યાત્રા આવતીકાલે શરૂ થઈ રહી છે. બન્નેની આ ઐતિહાસિક યાત્રા દરમિયાન કેટલીક ઐતિહાસિક પહેલ થનાર છે. જેમાં મહત્વકાંક્ષી અમદાવાદ-મુંબઈ બુલેટ ટ્રેન પ્રોજેક્ટની ભૂમિ પુજા વિધી, ભવ્ય રોડ શો અને બન્ને દેશો વચ્ચે અનેક કરારો, દ્વિપક્ષીય પ્રતિનિધિ સ્તરની મંત્રણાનો સમાવેશ થાય છે. ભારત અને જાપાન વચ્ચેના સંબંધો શિન્જો અબેની આ મુલાકાતથી નવી ઉંચાઈ ઉપર પહોંચશે. સાથે સાથે બંને દેશો વચ્ચે વિશ્વાસ નિર્માણની પ્રક્રિયા વધુ ઝડપથી આગળ વધશે. કાર્યક્રમ મુજબ વડાપ્રધાન મોદી ૧.૩૦ વાગ્યાની આસપાસ અમદાવાદ વિમાની મથકે આવી પહોંચશે ત્યારબાદ તેમનું મુખ્યમંત્રી વિજય રૂપાણી, તેમની કેબિનેટના અન્ય પ્રધાનો દ્વારા ભવ્ય સ્વાગત કરવામાં આવશે. ત્યારપછી બપોરે ૩.૩૦ વાગ્યાની આસપાસ જાપાની વડાપ્રધાન શિન્જો અબે, તેમના પત્નિ અકી અબો અને જાપાની પ્રતિનિધિઓ પહોંચશે. આશરે ૧૦૦

● અનુસંધાન પાન-૭ પર

## અમદાવાદ લશ્કરી છાવણીમાં ફેરવાયુ : હજારો જવાન તૈનાત

**૧૫૦૦૦થી પણ વધુ સુરક્ષા જવાનો તૈનાત : ચેતક કમાન્ડો, ક્વિક રિસ્પોન્સ ટીમને પણ જવાબદારી સોંપાઈ**



અમદાવાદ, તા. ૧૨

વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને જાપાની વડાપ્રધાન શિન્જો અબેની અમદાવાદ અને ગાંધીનગરની ઐતિહાસિક મુલાકાતને લઈને અભૂતપૂર્વ સુરક્ષા વ્યવસ્થા ગોઠવી દેવામાં આવી છે. અમદાવાદ સંપૂર્ણ લશ્કરી છાવણીમાં ફેરવી દેવામાં આવ્યું છે. આશરે ૧૫૦૦૦થી વધુ સુરક્ષા જવાનો તૈનાત કરવામાં આવી ચુક્યા છે. વીવીઆઈપી વિસ્તારોને ૧૦ ઝોનમાં વિભાજિત કરીને સુરક્ષા વ્યવસ્થાની ખાતરી કરવામાં આવી રહી છે. બંને નેતાઓ માટે અનેક સ્તરીય સુરક્ષા વ્યવસ્થા રાખવામાં આવી છે. સુરક્ષા માટે ૧૫૦૦૦થી વધુ પોલીસ જવાનો, અધિકારીઓ રાખવામાં આવ્યા છે. આ ઉપરાંત ૧૨૦૦થી વધારે ગુજરાત પોલીસ એકેડેમીના કર્મીઓ ગોઠવવામાં આવ્યા છે જે રોડ મેનેજમેન્ટ માટેની જવાબદારી સંભાળશે. ડીજી, જીઆઈજી, એસપી, ડીવાયએસપી સહિતના તમામ ઉચ્ચ પોલીસ અધિકારીઓને જુદી જુદી જવાબદારી સોંપવામાં આવી છે. ચેતક કમાન્ડો, ક્વિક રિસ્પોન્સ ટીમ, બોંબ સ્કોડ,

# રિટેલ ફુગાવો વધી ૩.૩૬ ટકા નોંધાયો

**શાકભાજીની કિંમત વધી : ખાદ્યાન્ન ચીજવસ્તુઓની કિંમતમાં વધારાની અસર થઇ**

નવીદિલ્હી, તા. ૧૨

જેની ઉત્સુકતાપૂર્વક કારોબારીઓ અને સામાન્ય વર્ગના લોકો રાહ જોઈ રહ્યા હતા તે કન્ઝ્યુમર પ્રાઈઝ ઈન્ડેક્સ (સીબીઆઈ) આધારિત રિટેલ ફુગાવાનો આંકડો આજે જારી થયો હતો. ઓગસ્ટ મહિનામાં રિટેલ ફુગાવો ૩.૩૬ ટકા થઈ ગયો છે. ઉંચી ખાદ્યાન્ન ચીજવસ્તુઓના કારણે રિટેલ ફુગાવાનો આંકડો ઉંચી સપાટીએ પહોંચ્યો છે. જુલાઈ મહિનામાં આ આંકડો ૨.૩૬ ટકા હતો. હવે ૩.૩૬ ટકા થઈ ગયો છે. રિટેલ ફુગાવો ઓગસ્ટ મહિનામાં પણ સતત વધ્યો છે. જીએસટીના પરિણામ સ્વરુપે કેટલીક ચીજવસ્તુઓ ઉપર સીધી અસર થઈ છે. જુલાઈ મહિનામાં ૨.૩૬ ટકા સુધી ઘટીને નીચે પહોંચી ગયો હતો. એક વર્ષ અગાઉ ઓગસ્ટ મહિનામાં રિટેલ ફુગાવો ૫.૦૫ ટકા હતો. માસિક રિટેલ રસોડાની ચીજવસ્તુઓની કિંમતોમાં ફેરફારની બાબતને કન્ઝ્યુમર પ્રાઈઝ ફુગાવો નક્કી કરે છે. આ આંકડામાં થોડાક સમય પહેલા સુધી સતત સુધારો થયો હતો પરંતુ ઓગસ્ટ મહિનામાં શાકભાજીની કિંમતોમાં વધારો થયો છે. શાકભાજીની કિંમતમાં ઓગસ્ટમાં ૬.૧૬ ટકાનો વધારો નોંધાઈ ગયો છે. જુલાઈ મહિનામાં તેમાં ૩.૦૫૭ ટકાનો ઘટાડો થયો હતો.

● અનુસંધાન પાન-૭ પર

## સેંસેક્સ ૨૭૬ પોઈન્ટ ઉછળી ૩૨૧૫૮ની ઉંચી સપાટી પર

શેરબજારમાં આજે સતત ચોથા દિવસે તેજી રહી હતી. બેંચમાર્ક ઈન્ડેક્સ તેજી સાથે બંધ રહ્યા હતા. એકબાજુ સેંસેક્સ આજે કારોબારના અંતે ૨૭૬ પોઈન્ટ ઉછળીને ૩૨૧૫૮ની સપાટીએ રહ્યો હતો જ્યારે નિફ્ટી ૮૭ પોઈન્ટ ઉછળીને ૧૦૦૯૩ની સપાટીએ રહ્યો હતો. શેરબજારમાં તેજી માટે કેટલાક પરિબળો જવાબદાર રહ્યા છે.

## ન્યુઝ ટ્રેક

### અન્નાડીએમકેના જનરલ સેક્રેટરી પદેથી શશીકલાને દૂર કરાયા



શશીકલા જેલમાં ગયા બાદ અન્નાડીએમકે પાર્ટીના જનરલ સેક્રેટરી પદેથી શશીકલાને દૂર કરાયા છે.

### આઈએસ દ્વારા અપહરણ કરાયેલ કેરળના ફાધરનો છુટકારો

વિદેશમંત્રી સુષ્મા સ્વરાજે જણાવ્યુ છે કે યમનના એડન શહેરથી આઈએસ દ્વારા કિડનેપ કરાયેલા કેરળના ફાધરને બચાવી લેવાયા છે. કેરળના ફાધર ટોમ ઉજફનાતિલને રેસક્યૂ કરવામાં આવ્યા છે. તેઓને ગયા વર્ષ માર્ચમાં કિડનેપ કરવામાં આવ્યા હતા.

### સંયુક્ત રાષ્ટ્રે ઉત્તર કોરીયા પર નવા પ્રતિબંધ લગાવ્યા

સંયુક્ત રાષ્ટ્ર સુરક્ષા પરિષદે ઉત્તર કોરીયા પર નવા પ્રતિબંધ લગાવવામાં આવ્યા છે. ચીન અને રશિયાએ પણ આ મામલે સહમતી દર્શાવી છે. ૨૦૦૬ થી અત્યાર સુધી સંયુક્ત રાષ્ટ્ર પરિષદ ઉત્તર કોરીયા પર નવ પ્રસ્તાવો પર સહમતી આપી વિવિધ પ્રતિબંધો લગાવ્યા છે.

# કેન્દ્રીય કર્મચારીઓના મોંઘવારી ભથ્થામાં એક ટકાનો વધારો

**૫૦ લાખ કર્મીઓ અને ૬૧ પેન્શનરોને ફાયદો : વધારાને પહેલી જુલાઈથી અમલી કરવા માટેનો નિર્ણય તહેવાર પહેલા મોટી રાહત**

નવીદિલ્હી, તા. ૧૨

કેન્દ્ર સરકારના કર્મચારીઓને તહેવારની સિઝન પહેલા મોટી રાહત મળી ગઈ છે. કારણ કે, કેન્દ્રીય કેબિનેટે આજે કેન્દ્ર સરકારના કર્મચારીઓ માટે વધારાના એક ટકા મોંઘવારી ભથ્થાને લીલીઝંડી આપી દીધી હતી. એક ટકા વધારાના ડીએને મંજુરી આપવામાં આવ્યા બાદ આનો સીધો લાભ મોટી સંખ્યામાં કર્મચારીઓને મળનાર છે. લાખો કર્મચારીઓને આનો સીધો લાભ થશે. ખાનગી સેક્ટરના કર્મચારીઓ માટે ગ્રેજ્યુએટી મર્યાદાને સુધારવા સંસદમાં પેમેન્ટ ઓફ ગ્રેજ્યુએટી બિલ રજૂ કરવામાં આવી ચુક્યું છે. કેન્દ્રીય કેબિનેટની આજે મહત્વપૂર્ણ બેઠક મળી હતી. નરેન્દ્ર મોદી સરકારે ત્રીજી સપ્ટેમ્બરના દિવસે કેન્દ્રીય કેબિનેટમાં ફેરફાર કર્યા બાદ આ પ્રથમ બેટિંગ હતી. આ બેઠકમાં બીએસએનએલના મોબાઈલ ટાવર સંપત્તિના સંદર્ભમાં ધ્યાન આપવા

● અનુસંધાન પાન-૭ પર

# કાશ્મીર સમસ્યા ઉકેલવામાં મોદી નિષ્ફળ રહ્યા છે : રાહુલ

**અમેરિકી યુનિવર્સિટીમાં રાહુલ ગાંધીનું સંબોધન : વંશવાદથી લઇને નોટબંધી સુધી વાત કરી : ધ્રુવીકરણથી દેશને ખતરો છે : અહંકારના કારણે કોંગ્રેસ પાર્ટીને ફટકો**

નવીદિલ્હી,તા. ૧૨

અમેરિકાની યાત્રાએ પહોચેલા કોંગ્રેસના નાયબ અધ્યક્ષ રાહુલ ગાંધીએ આજે બકર્લી યુનિવર્સિટીમાં આયોજિત કાર્યક્રમમાં જુદા જુદા મુદ્દા પર વિસ્તારપૂર્વક વાત કરી હતી. લોકોના પ્રશ્નોના જવાબમાં રાહુલ ગાધીએ કોંગ્રેસ પાર્ટીના પતન માટેના કારણો પણ રજૂ કર્યા હતા. વર્ષ ૨૦૧૪માં પાર્ટીની શરમજનક હાર માટેના કારણ અંગે પુછવામાં આવતા રાહુલે કહ્યુ હતુ કે પાર્ટી અહંકારી પાર્ટી બની ગઈ હતી. તેમણે કબુલાત કરી હતી કે વર્ષ ૨૦૧૨માં કોંગ્રેસ પાર્ટીને ઘમંડ થઈ ગયો હતો. અને કોંગ્રેસ પાર્ટીએ લોકો સાથે વાતચીત કરવાનુ બંધ કરી દીધુ હતુ. રાહુલે કાશ્મીરમાં હિંસાનો પણ ઉલ્લેખ કર્યો હતો. તેમણે કહ્યુ હતુ કે કાશ્મીરમાં ત્રાસવાદીઓના વધતા હુમલા માટે કેન્દ્રની મોદી સરકાર જવાબદાર છે. રાહુલે કહ્યું હતું કે, કાશ્મીરમાં આતંકવાદી હુમલા વધી રહ્યા છે. વિદ્યાર્થીઓને સંબોધતા રાહુલે કહ્યું હતું કે, કાશ્મીરની રાજનીતિમાં યુવાઓને આગળ લાવવા પીડીપીની ભૂમિકા રહેલી છે પરંતુ જે દિવસથી મોદીએ પીડીપીની રચના કરી છે ત્યારથી પીડીપી બરબાદ છે. મોદીએ ખીણમાં ત્રાસવાદીઓને ફરી સક્રિય થવાની

● અનુસંધાન પાન-૭ પર





કપલ / ફેમીલી LTC પ્રવાસો
આંદામાન - નિકોબાર
હેવલોક-નીલ આઇલેન્ડ
સ્પે. કેરાલા — મુન્નાર-થેકડી
દાર્જીલીંગ — ગંગટોક-પેલીંગ
સિમલા — મનાલી-ડેલ-અમૃત
ભુતાન — પારો-થિમ્પુ-પુનાખા
કુર્ગ-કબિની — વાયનાડ-હસન
નૈનિતાલ — કોર્બેટપાર્ક-મસૂરી
Since 1951
નૂતન ટ્રાવેલ્સ
કરીશ્મા, સ્ટેડીયમ સર્કલ, સી. જી. રોડ, અમદાવાદ
મો.૯૪૨૭૪૫૫૨૭૪/૯૪૦૮૬૪૩૭૫૬/૯૮૯૮૦૨૩૯૫૫

ROOPKALA
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda, Sector - 21, Gandhinagar, Ph.232 48225
તમામ ક્રેડીટ / ડેબીટ કાર્ડ આવકાર્ય